Annex – I

એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,
મુંબઈ સંલગ્ન રાજયની કોલેજોને રાજય
સરકાર ધ્વારા સ્થાપિત યુનિવર્સિટી
સાથેનું જોડાણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:ઉઅજ/૨૬૧૦/સી.સી.૮૦૩૧/ખ.૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૦૧/૦૯/૨૦૧૨

<u>વંચાણે લીધા:-</u>
સ્પે.સી.એ.નં.૮૦૩૧/૨૦૧૦ અને અન્ય સંસ્થાઓના કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ તા.૮/૯/૨૦૧૧નો સંયુકત ચુકાદો.

આમુખ:-

રાજયની કેટલીક સંસ્થાઓ / કોલેજો ધ્વારા મુંબઈ સ્થિત શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસે વુમન્સ યુનિવર્સિટી (એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી),મુંબઈની મંજૂરી મેળવી રાજયમાં અલગ અલગ અભ્યાસક્રમોની કોલેજો ચલાવવામાં આવતી હતી.પરંતુ એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈનું ટેરીટોરીયલ જયુરીડીકશન ગુજરાતમાં ન હોવાથી રાજય સરકાર ધ્વારા કેટલીક સંસ્થાઓને એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સાથે જોડાણ મેળવવા " NOC " ની માંગણી કરતાં તેવી માંગણી નકારવામાં આવેલ. તે પૈકી કેટલીક સંસ્થાઓ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવેલ. સંસ્થાઓ ધ્વારા કરવામાં આવેલ પીટીશનો સંદર્ભે વંચાણે લીધા ક્રમાંકથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૮/૯/૨૦૧૧ના રોજ સંયુકત ચૂકાદો આપવામાં આવેલ છે. આ ચૂકાદા મુજબ કોઈ સંસ્થા/ યુનિવર્સિટી જે તે રાજયના કાયદાથી બનેલ હોય તેનું ટેરીટોરીયલ જયુરીડીકશન ફકત તે રાજય પુરતુ સીમિત રહે છે અને જયાં સંસદ ધ્વારા કાયદા બનાવવામાં આવેલ હોય તેવા કિસ્સામાં તેનું " ટેરીટોરીયલ જયુરીડીકશન" સમગ્ર દેશ પુરતુ રહે છે. એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી, મુંબઈએ મહારાષ્ટ્ર રાજયના મહારાષ્ટ્ર યુનિવર્સિટી એકટ, ૧૯૯૪ના કાયદાથી બનેલ હોઈ તેનું " ટેરીટોરીયલ જયુરીડીકશન" ફકત મહારાષ્ટ્ર રાજય પુરતુ સીમિત રહે તેથી જયારે કોઈપણ સંસ્થા રાજય બહારની યુનિવર્સિટી સાથે જોડાણ ઈચ્છતી હોય ત્યારે તેવું જોડાણ " ટેરીટોરીયલ જયુરીડીકશન" બહાર હોઈ આવું જોડાણ રાજય સરકાર ધ્વારા આપી શકાય નહી.આ ચૂકાદા

-૨-

19

બાદ એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ દ્વારા ગુજરાત રાજ્યની આવી સંસ્થાઓને જોડાણ આપવાનું બંધ કરવું રહે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં જણાવેલ છે કે,આવી સંસ્થાઓ દ્વારા " NOC " ની માંગણી થયે તે આપવા રાજ્ય સરકારને કાયદાથી ફરજ પડતી નથી અને સંસ્થાઓની આવી માંગણી કરવાનો કાયદાકીય રીતે હકક બનતો નથી અને ગુજરાત રાજ્યમાં આવેલ કોલેજો પર એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈનો કોઈ કંટ્રોલ રહેતો નથી ત્યારે રાજ્ય સરકારે " NOC " આપવાની કાયદાકીય ફરજમાં આવતું નથી.

૩. રાજ્યમાં જ્યારે રાજ્યના કાયદાથી સ્થાપિત સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓની પૂરતી વ્યવસ્થા છે ત્યારે એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ કે જેનું કાર્યક્ષેત્ર માત્ર મહારાષ્ટ્ર પૂરતું સીમિત છે તે ગુજરાત રાજ્યની કોલેજોને જોડાણ આપી શકે નહી,તેથી રાજ્યમાં આવેલ જે સંસ્થા દ્વારા ભૂતકાળમાં એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સાથે જોડાણ મેળવી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે તે પણ કાયદાકીય રીતે ઉચિત નથી.

૪. જ્યારે એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈનું રાજ્યની કોલેજો પર કંટ્રોલ રહેતો નથી ત્યારે વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઈ અગાઉ શરૂ થયેલ એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સંલગ્ન આવી કોલેજોને રાજ્યની એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સાથેથી ડીએફીલીએટ થઈ રાજ્યની યુનિવર્સિટીમાં જોડાવા ઈચ્છે તો તેને અગ્રીમતા આપવા તથા એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સાથે જોડાણ મેળવવા ઈચ્છતી નવી સંસ્થાઓને " NOC " ન આપવાની નીતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની વિગતો તથા પરિસ્થિતિને લક્ષમાં લેતાં રાજ્યમાં આવેલ જે સંસ્થાઓ આ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે તે તારીખ પૂર્વે એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈનું જોડાણ/મંજૂરી ધરાવતી હતી/ મંજૂરી ધરાવે છે તેવી સંસ્થાઓએ એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ સંલગ્ન કોલેજ ચલાવતી હોય કે નવી કોલેજ શરૂ કરવા માંગતી હોય તો તેવા કિસ્સામાં જ્યારે એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્યમાં આવતુ ન હોવાથી આવી સંસ્થાઓએ વિદ્યાર્થીઓના હિત તેમજ કોર્ટના ચુકાદાની વિગતોને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે તે યુનિવર્સિટી સાથેનુ જોડાણ બંધ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આવી સંસ્થાઓએ રાજ્ય

સરકાર હસ્તકની તેમજ રાજ્ય સરકારના કાયદાથી સ્થપાયેલ અને જે તે વિસ્તારને લાગુ પડતી યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાનું રહેશે. આવી જે કોઈ સંસ્થા એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી,મુંબઈ માંથી ડીએફીલીએટ થઈ રાજ્યની યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માંગતી હોય તો તેવી સંસ્થા/ કોલેજોને જે તે વિસ્તારની લાગુ પડતી યુનિવર્સિટી દ્વારા અગ્રીમતા આપી યુનિવર્સિટીનું જોડાણ મેળવવા માટેની દરખાસ્ત સત્વરે મંજૂર કરવા આથી તમામ યુનિવર્સિટીઓના સક્ષમ સત્તામંડળોને /અધિકારીઓને જણાવવામાં આવે છે તેમજ આવી દરખાસ્તો મંજૂર કરવામાં જ્યાં મુશ્કેલી જણાતી હોય ત્યાં શિક્ષણ વિભાગને મોકલી આપવાની રહેશે.

૨. આ ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા અને વિદ્યાર્થીઓના હીતને નુકશાન ન થાય તે માટે અગ્રીમતાના ધોરણે જોડાણ આપવા રાજ્ય સરકારના કાયદાથી સ્થાપિત તમામ યુનિવર્સિટીને આથી જણાવવામાં આવે છે.

૩. આ હુકમો બાદ એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવી રાજ્યમાં આવેલ કોઈ સંસ્થા દ્વારા જો કોઈ કોલેજ કે સંસ્થા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે કે ચલાવવામાં આવશે તો તેવી સંસ્થાઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી સૂચના સંબંધિત યુનિવર્સિટીઓ દ્વારા તેઓના વિસ્તારમાં આવેલ સંસ્થા / કોલેજોને જણાવવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એસ.ખુમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
-માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
-માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
-વાઈસ ચાન્સેલરશ્રી,શ્રી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસે વુમન્સ યુનિવર્સિટી (એસ.એન.ડી.ટી.વુમન્સ યુનિવર્સિટી), ૧, નાથીબાઈ ઠાકરસે રોડ,મુંબઈ-૪૦૦૦૨૦.
-કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
-રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત સર્વે યુનિવર્સિટીઓ
-સીલેકટ ફાઈલ